ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગુજરાતના સત્યએ મોદી અને ભાજપને ઘેર્યા છે : રાહુલ ગાંધી





## સત્યનો માર્ગ મેં પસંદ કર્યો છે અને સત્યને સતત ઉજાગર કરવાનો નિત્ય પ્રયાસ કરતો રહીશ : સત્યથી ઘેરાયેલો સત્તાધારી પક્ષ ગુજરાતની નહિ પણ બીજી વાતો કરી ગુજરાતને ગુમરાહ કરી રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતના સત્યએ મોદી અને ભાજપને ઘેરાબંધી કરી છે અને એટલે જ તેઓ વારંવાર પોતાનો એજન્ડા બદલી ગુજરાત સિવાયની વાતો કરી ગુજરાતને ગુમરાહ કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું કોંગ્રેસના ઉપાધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ આજે જણાવ્યું છે.

ગાંધીનગર ચ-૩ સર્કલ ખાતે જાહેરસભાને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે આ દેશને સત્ય માટે પ્રેમ છે સત્ય માટે આદર છે અને સત્ય પર જ વિશ્વાસ છે. સત્યને પ્રકાશિત કરવા જે કંઈ કરવુ પડશે તે કોંગ્રેસના એક અદના કાર્યકર તરીકે હું કરીશ કરીશ અને કરીશ જ.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતુ કે મોદીજીના ભાષણો મેં સાંભળ્યા છે અને સાંભળુ છુ પણ છેલ્લા કેટલાક સમયથી તેમના ભાષણોમાંથી ભ્રષ્ટાચાર શબ્દ નથી વપરાયો. પહેલાં તેનો બહુ ઉપયોગ કરતા હતા.

તેમણે કહ્યુ કે ખેડૂતોને કપાસ અને મગફળીના ટેકાના ભાવને લઈ જે વાતો કરતા હતા અને આજે યુ.પી.એ.ના શાસન કરતાં પણ ઓછા ટેકાના ભાવે ખરીદી કરી ખેડૂતોને તરલાવ્યા છે. તેમણે કહ્યુ કે કોંગ્રેસ સત્તા પર આવશે તો દસ જ દિવસમાં રાજ્યના ખેડૂતોના દેવા માફીની નીતિ જાહેર કરશે. ૭૦ હજાર કરોડનું દેવુ યુ.પી.એ. સરકારે માફ કર્યુ હતુ તે વાતની યાદ દેવડાવતાં તેમણે કહ્યું કે ગુજરાતના પ્રભારી અને નાણાંમંત્રીએ ખેડૂતોના દેવા માફીની કોઈ નીતિ નહિ હોવાનું સંસદમાં જણાવ્યું હતું.

રાહુલ ગાંધીએ ભાજપ પર હુમલો કરતાં જણાવ્યું હતુ કે ગુજરાતના સત્યથી ઘેરાયેલા મોદી અને ભાજપ વારંવાર તેમના મુદ્દાઓ ફેરવી રહ્યા છે. ગુજરાતનો જંગ છે તેમાં બીજી વાતો નહિ, ગુજરાતની વાતો કરો. નર્મદા, ઓબીસીની વાતો ભુલાઈ ગઈ, વિકાસની વાત પણ ગૌરવયાત્રા થકી કરવાનુ કહેતાં યાત્રા ફલોપ થઈ. જેમ કોઈ ફિલ્મ ટિકિટબારી પર ફલોપ પુરવાર થાય તે રીતે અને એટલે જ હવે તેઓ અન્ય વાતો કરી રહ્યા છે.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતુ કે જીએસટી લાગુ કરવાને પગલે દેશમાં ધંધા-રોજગાર બધુ ઠપ્પ થઈને પડ્યુ છે તેની ચિંતા કરતા જ નથી. ગુજરાતની એક કંપનીનો જે ઝડપથી ઉદય થયો અને પ્રકાશમાં આવેલી હકીકતો પર પણ તે મૌન છે.

તેમણે કહ્યુ કે રાફેલ મામલે અમને ભ્રષ્ટાચારની બુ આવી રહી છે. જે ઉદ્યોગપતિ મિત્ર સાથે મોદીના સંબંધો છે તેને કોન્ટ્રેક્ટ રાતોરાત કેવી રીતે અપાયો ? કેબીનેટ કમિટી ઓન સીક્યોરીટીની મંજૂરી ક્યારે લેવાઈ? જે ઉદ્યોગપતિ મિત્રને કોન્ટ્રેક્ટ આપ્યો છે તેની પાસે વિમાન બનાવવાનો કે

(અનુ. પાંચમા પાને)

# આજે શહેરમાં ભાજપનો રોડ શો

ગાંધીનગર, તા ૧૧

ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી આગામી તા ૧૪ ડિસેમ્બરના રોજ મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે. ત્યારે આખરી તબક્કાના પ્રચારમાં કોઈ કમી ન રહી જાય તે માટે રાજકીય પક્ષો દ્વારા સ્ટાર પ્રચારકો મેદાનમાં ઉતારવામાં આવી રહયા છે. ગાંધીનગર ઉત્તરના અને દક્ષિણના ઉમેદવાર અશોક પટેલ તેમજ શંભુજી ઠાકોરના પ્રચાર માટે આજે બોલીવુડ અભિનેત્રી અવની મોદી નો રોડ શો યોજાશે. જયારે આ રોડ શો માં પરેશ રાવલ અને ગાંધીનગરના કલાકાર જનક ઠક્કર પણ જોડાશે. સવારે ૮ કલાકે સે-૧ ના તળાવ પાસેથી રોડ શો નો પ્રારંભ થશે.

વિધાનસભાની ચુંટણીમાં પ્રચાર માટે હવે માત્ર એક દિવસ જ મળવાનો હોવાથી અંતિમ તબક્કાના પ્રચાર માટે ભાજપ ઉત્તર અને દક્ષિણની બેઠકને અનુલક્ષી આજે ભવ્ય રોડ શો નુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે તા ૧૨ ડિસેમ્બરના રોજ સવારે ૮ કલાકે સે-૧ ના તળાવ ખાતેથી ભવ્ય રોડ શોની શરૂઆત થશે. બોલીવુડ અભિનેત્રી અવની મોદી ભાજપ માટે પ્રચાર કરશે. આ ઉપરાંત પરેશ રાવલ પણ સે- ૧૨ ઉમિયા મંદિર ખાતેથી રોડ શો માં જોડાશે. જયારે ગાંધીનગરના યુવા કલાકાર જનક ઠક્કર પણ જોડાશે. ભાજપે છેલ્લા તબક્કાની પ્રચાર ઝુંબેશને અસરકારક બનાવવા માટે શહેર તેમજ ગામડાઓના મતદારોને આકર્ષવા માટે રોડ શો નુ આયોજન કર્યુ છે. ભાજપના ઉમેદવાર અશોક પટેલ અને શંભુજી ઠાકોર માટે પ્રચાર કરશે. આ રોડ શો માં મેયર પ્રવિણ પટેલ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર પટેલ, ચુંટણી ઈન્ચાર્જ વાડીભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, શહેર ભાજપ મહામંત્રી રૂચિર ભટ્ટ, ઉપપ્રમુખ ઉરેન પટેલ, કનુભાઈ દેસાઈ જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા સહીત ભાજપના ૧ હજાર કાર્યકરો બાઈક સાથે જોડાશે.

લોક વિકાસ મંચ
ગાંધીનગર (નોર્થ)ના ઉમેદવાર

| ક્રમ | નામ | ચિન્હ |
|---|---|---|
| ૫ | શ્રી અનિલ કક્કડ મો. ૭૯૮૪૭૮૬૧૩૧ | બેટ્સમેન |

આપનો મત આપી જંગી બહુમતી થી વિજયી બનાવો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડિટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

॥ વંદે માતરમ્ ॥
૩૫, ગાંધીનગર-દક્ષિણ વિધાનસભા ચૂંટણી ૨૦૧૭
ભારતીય જનતા પાર્ટી
૩૫, ગાંધીનગર-દક્ષિણ વિધાનસભાના સક્ષમ ઉમેદવાર
ગુજરાતનું હિત, ભાજપની જીત...
સૌનો સાથ... સૌનો વિકાસ...
શંભુજી ચેલાજી ઠાકોર
પ્રબુધ્ધ અને જાગૃત મતદાતાશ્રીઓ,
વિકાસ અને વિશ્વાસના પ્રતિક એવા કમળ ને આપનો
કિંમતી મત આપી અપાવી જંગી બહુમતીથી વિજયી બનાવશો.
સાઈનીંગ ઈન્ડીયા ન્યુઝ ચેનલ ન્યુ દિલ્હી દ્વારા બેસ્ટ ધારાસભ્યનો એવોર્ડ વિજેતા

| ક્રમ | ભાજપના ઉમેદવાર | નિશાન | બટન |
|---|---|---|---|
| 3 | શંભુજી ચેલાજી ઠાકોર | | |

● આપે કમળના નિશાન સામેના વાદળી બટન દબાવીને મત આપવાનો રહેશે.
● ચૂંટણી કાર્ડ મતદાન સમયે અવશ્ય સાથે લઈ જવું.
મતદાન તારીખ : ૧૪-૧૨-૨૦૧૭, ગુરૂવાર, સમય : સવારે ૮-૦૦ થી ૫-૦૦
હરેક ગુજરાતીનો એક જ અવાજ — હું છું વિકાસ, હું છું ગુજરાત
આવો, આપણે સહુ કમળને મત આપી અપાવીને
ગાંધીનગર-દક્ષિણના વિકાસની અવિરત યાત્રામાં સહભાગી થઈએ
૧) સાબરમતી નદી ઉપર સંત સરોવરનું નિર્માણ
૨) પીડીપીયુ થી ગીફ્ટ સીટીને જોડતાં સિગ્નેચર બ્રીજનું નિર્માણ
૩) સરકારના નોન પ્લાન રસ્તાઓ માટે સરકારમાંથી કરોડો રૂપિયાના કામોની મંજુરી અને ગાંધીનગર તાલુકાની પ્રજા માટે સુખાકારી માટે કરેલા અસંખ્ય કામો



નવ સર્જન માટે આગળ આવો...
કોંગ્રેસ સાથે હાથ મિલાવો...
આપનો કિંમતી મત ૩૬ ગાંધીનગર ઉત્તર કોંગ્રેસના લોકલાડીલા
ઉમેદવાર ડો. સી. જે. ચાવડાને આપી અપાવી અભારી કરશો...

સરકારી કર્મચારીઓનું શોષણ અટકાવવા ભાજપને હરાવો

- ભાજપે સરકારી કર્મચારીઓના હક ઉપર તરાપ મારી શોષણ કર્યું છે. તેનો અંત લાવવા ભાજપને હરાવો, કોંગ્રેસને લાવો.
- ૭મા પગાર પંચના બાકી લાભો, એરીયર્સ, એચઆરએ, ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, મેડીકલ એલ.ટી.સી. એલાઉન્સ સહિતના લાભો ચૂકવવામાં આવશે.
- આંગણવાડી અને આશાવર્કર કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવશે.
- જે બોર્ડ-નિગમના કર્મચારીઓને ૬ઠ્ઠા અને ૭મો પગારપંચનો લાભ નથી મળ્યો, તે આપવામાં આવશે.
- જે કર્મચારીઓને પ્લોટ નથી મળ્યા તેમને પ્લોટ આપવામાં આવશે.
- શિક્ષકો, ડૉક્ટરો, પ્રાધ્યાપકોના પડતર પ્રશ્નોનો નિકાલ કરી, તેમનાં કામનાં ભારણને દૂર કરવામાં આવશે.
- ફિક્સ પગારધારકોને પૂરો પગાર આપવામાં આવશે. 'સમાન કામ- સમાન વેતન'ને અમલી બનાવવામાં આવશે.
- પેન્શનરોના એરીયર્સ સહિતના પ્રશ્નો તથા પગાર વેરીફિકેશનના પ્રશ્નો દૂર કરવામાં આવશે. પેન્શનરોના બાકીના લાભ આપવામાં આવશે.
- કર્મચારી એસોસિએશનો સાથે દર ૬ મહિને મીટિંગનું આયોજન કરીને તેમના પ્રશ્નો સાંભળી તેનો નિકાલ કરવા પ્રયત્ન કરવામાં આવશે.
- કોન્ટ્રાક્ટ પ્રથા દૂર કરવામાં આવશે.
- શિક્ષિત બેરોજગારોને માસિક બેરોજગારી ભથ્થું આપવામાં આવશે.
- આવો, સૌ સાથે મળી ગુમરાહ કરતી તથા હક-હિસ્સાથી દૂર રાખતી, આર્થિક નુકસાન કરતી અન્યાયી ભાજપ સરકારનો અંત લાવી કોંગ્રેસની સરકાર બનાવીએ.

કોંગ્રેસે ગાંધીનગર માટે કરેલાં આ કાર્યો
શું ગાંધીનગરની જનતા જાણે છે ?

- આજે દેશના નંબર-૧ કહેવાતા આ શહેરનું નિર્માણ કોંગ્રેસ પાર્ટીએ કરેલું છે.
- ગાંધીનગરની હાલની વિધાનસભા, સચિવાલય, જૂનું સચિવાલય વગેરેનાં નિર્માણ કોંગ્રેસના શાસન દરમિયાન થયેલાં છે.
- ગાંધીનગરનાં તમામહાઉસિંગ બોર્ડનાં મકાનો જે સેક્ટર-૭, સેક્ટર-૧૪, સેક્ટર-૨૪ (ડબલડેકર, શ્રીનગર, આદર્શનગર), સેક્ટર-૨૫, સેક્ટર-૨૭ (નવું તથા જૂનું), સેક્ટર-૩૦માં આવેલ છે, તે તમામહાઉસિંગ બોર્ડનાં મકાનો કોંગ્રેસની સરકાર વખતે ફક્ત રૂા. ૫૦૦૦/-, રૂા. ૧૫,૦૦૦/-, રૂા. ૨૫,૦૦૦/- માં બનાવી આપવામાં આવેલ છે, જેની આજે કિંમત લાખો રૂપિયા છે, જે કોંગ્રેસની દેન છે.
- તમામસેક્ટરોનાં સરકારી મકાનો - 'જ' ટાઈપ, 'છ' ટાઈપ, 'ચ' ટાઈપ, 'ઘ' ટાઈપ, 'જી-૧' ટાઈપનાં મકાનો કોંગ્રેસની સરકારે બનાવ્યાં છે.
- પ્રાઈવેટ પ્લોટ તથા સરકારી કર્મચારીઓને રાહતદરે પ્લોટ કોંગ્રેસ શાસનમાં આપવામાં આવ્યા હતા. કોંગ્રેસના શાસન દરમિયાન તમામપ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી.
- અક્ષરધામ, પંચદેવ મંદિર, જૈન દેરાસર, મસ્જિદ, ચર્ચ સહિત નાના-મોટા ૧૦૦ જેટલા મંદિરો કોંગ્રેસ શાસનમાં નિર્માણ પામેલ છે. જેમાંથી ૬૦ જેટલા ભાજપ સરકારે તોડી પાડ્યા છે.
- ગાંધીનગરની તમામસેક્ટરોની પ્રાથમિક શાળાઓ કોંગ્રેસના શાસનમાં બની છે, જેમાંથી ઘણી ભાજપ સરકારે ખાનગીકરણ કરી નાખ્યું છે. આ ઉપરાંત તમામમાધ્યમિક શાળા તથા સરકારી કોલેજો પણ કોંગ્રેસની જ દેન છે.
- કોંગ્રેસના સમય દરમિયાન દરેક સેક્ટરોના રંગમંચ તથા ટાઉનહોલ નિર્માણ થયેલ છે. પથિકાશ્રમ, સર્કીટ હાઉસ, વિશ્રામગૃહનું નિર્માણ કોંગ્રેસે કર્યું છે.
- તમામસેક્ટરોમાં દવાખાના, બગીજા, મુખ્ય શોપિંગ સેન્ટર, ચીપ ટાઈપ શોપિંગ સેન્ટરનું નિર્માણ પણ કોંગ્રેસની સરકાર દ્વારા જ થયેલ છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | નિશાન | બટન |
|---|---|---|---|
| ૨ | ડો. સી.જે. ચાવડા | | |

મતદાન તારીખ : ૧૪/૧૨/૨૦૧૭ ને ગુરૂવાર, સમય : સવારે ૮ થી સાંજે ૫ સુધી



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com